Saturday
05.07.2025
✳Volume :9 ✳ Issue No.352
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

✳ Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳ Page :04 ✳ Rs. 00.25/- ✳ Annual Rs. 90/-

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ઘાનાની સંસદને સંબોધિત કરી

વિશ્વના સૌથી મોટા લોકશાહીના પ્રતિનિધિ તરીકે, હું ૧.૪ અબજ ભારતીયોની સદભાવના અને શુભેચ્છાઓ મારી સાથે લઈને આવ્યો છું: પ્રધાનમંત્રી

- **આપણા માટે, લોકશાહી ફક્ત એક વ્યવસ્થા નથી; તે આપણા મૂળભૂત મૂલ્યોનો એક ભાગ છે: પ્રધાનમંત્રી**
- **બદલાતી પરિસ્થિતિઓને અનુરૂપ થવા માટે જરૂરી વૈશ્વિક શાસનમાં વિશ્વસનીય અને અસરકારક સુધારા: PM**
- **વિકાસશીલ દેશોને અવાજ આપ્યા વિના પ્રગતિ થઈ શકતી નથી: PM**
- **આજે ભારત સૌથી ઝડપથી વિકસતું ઉભરતું અર્થતંત્ર છે: PM**
- **ભારત એક નવીનતા અને ટેકનોલોજી હબ છે જ્યાં વૈશ્વિક કંપનીઓ જોડાવવા માંગે છે: PM**
- **મજબૂત ભારત વધુ સ્થિર અને સમૃદ્ધ વિશ્વ માટે ફાળો આપશે: PM**

સાચી લોકશાહી ચર્ચા અને પરામર્શને પ્રોત્સાહન આપે છે; તે લોકોને જોડે છે; તે આદરનું સમર્થન કરે છે અને માનવ અધિકારોને પ્રોત્સાહન આપે છે: પ્રધાનમંત્રી

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઘાનાની સંસદના એક ખાસ સત્રને સંબોધિત કર્યું, જે આ કરનારા પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી બન્યા છે. સંસદના અધ્યક્ષ શ્રી અલ્બાન કિંગ્સફોર્ડ સુમના બાગબીન દ્વારા બોલાવવામાં આવેલા આ સત્રમાં સંસદ સભ્યો, સરકારી અધિકારીઓ અને બંને દેશોના પ્રતિષ્ઠિત મહેમાનો હાજર રહ્યા હતા. આ સંબોધન ભારત-ઘાના સંબંધોમાં એક મહત્વપૂર્ણ ક્ષણ હતી, જે પરસ્પર આદર અને સહિયારા લોકશાહી મૂલ્યોને પ્રતિબિંબિત કરે છે જે બંને દેશોને એક કરે છે. પોતાના સંબોધનમાં, પ્રધાનમંત્રીએ ભારત અને ઘાના વચ્ચેના ઐતિહાસિક સંબંધો પર ભાર મૂક્યો, જે સ્વતંત્રતા માટેના સહિયારા સંઘર્ષો અને લોકશાહી અને સમાવેશી વિકાસ પ્રત્યે સામાન્ય પ્રતિબદ્ધતા દ્વારા સ્થાપાયેલા છે. તેમણે ઘાનાના રાષ્ટ્રપતિ, મહામહિમ જોન ડ્રામાની મહામા અને ઘાનાના લોકોનો તેમની મિત્રતા માટે આભાર વ્યક્ત કર્યો અને તેને કાયમી મિત્રતાના પ્રતીક તરીકે વર્ણવ્યું. ઘાનાના મહાન નેતા - ડૉ. ક્વામે ક્રુમાના

બીજા વિશ્વયુદ્ધ પછી ઉભરી આવેલ વિશ્વ વ્યવસ્થા ઝડપથી બદલાઈ રહી છે; ટેકનોલોજીમાં ક્રાંતિ, વિકાસશીલ દેશો (ગ્લોબલ સાઉથ) નો ઉદય અને બદલાતી વસ્તી વિષયક સ્થિતિ તેની ગતિ અને વિશાળતામાં ફાળો આપી રહી છે: PM

યોગદાનનો ઉલ્લેખ કરતા, તેમણે ભાર મૂક્યો કે એકતા, શાંતિ અને ન્યાયના આદર્શો મજબૂત અને ટકાઉ ભાગીદારીનો પાયો બનાવે છે. ડૉ. ક્રુમાએ એકવાર કહ્યું હતું કે, "આપણને એક કરતી શક્તિઓ સહજ છે અને આપણને અલગ રાખતા પ્રભાવોથી ઘણી આગળ છે." લોકશાહી સંસ્થાઓના નિર્માણના લાંબા ગાળાના પ્રભાવ પર ખૂબ ભાર મૂકનારા ડૉ. ક્રુમાને ટાંકીને, પ્રધાનમંત્રીએ લોકશાહી મૂલ્યોને પોષવાના મહત્વ પર ભાર મૂક્યો. લોકશાહીની માતા તરીકે ભારતે તેની સંસ્કૃતિના ભાગ રૂપે લોકશાહી નીતિઓને આત્મસાત કરી છે તે નોંધતા, પ્રધાનમંત્રીએ ભારતમાં લોકશાહીના ઊંડા અને જીવંત મૂળ પર પ્રકાશ પાડ્યો. તેમણે ભારતની વિવિધતા અને લોકશાહી શક્તિને વિવિધતામાં એકતાની શક્તિના પુરાવા તરીકે દર્શાવતા કહ્યું. આ એક એવું મૂલ્ય છે જે ઘાનાની પોતાની લોકશાહી યાત્રામાં પડઘો પાડે છે. તેમણે આબોહવા પરિવર્તન, આતંકવાદ, રોગચાળા અને સાયબર ધમકીઓ જેવા વૈશ્વિક

ભારત અને ઘાનાના ઇતિહાસમાં વસાહતી શાસનના ઘા છે; પરંતુ આપણા આત્માઓ હંમેશા મુક્ત અને નિર્ભય રહ્યા છે: પ્રધાનમંત્રી

પડકારો પર પણ ભાર મૂક્યો અને વૈશ્વિક શાસનમાં વિકાસશીલ દેશોનો સામૂહિક અવાજ ઉઠાવવા હાકલ કરી. આ સંદર્ભમાં, તેમણે ભારતના રાષ્ટ્રપતિપદ દરમિયાન ૨૨૦ના કાયમી સભ્ય તરીકે આફ્રિકન યુનિયનના સમાવેશ પર પ્રકાશ પાડ્યો હતો. પ્રધાનમંત્રીએ ઘાનાની જીવંત સંસદીય પ્રણાલીની પ્રશંસા કરી અને બંને દેશોના વિધાનસભાઓ વચ્ચે વધતા આદાનપ્રદાન પર સંતોષ વ્યક્ત કર્યો હતો. આ સંદર્ભમાં, તેમણે ઘાના-ભારત સંસદીય મિત્રતા સમાજની સ્થાપનાનું સ્વાગત કર્યું હતું. ૨૦૪૭ સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાના ભારતના લોકોના સંકલ્પને વ્યક્ત કરતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે પ્રગતિ અને સમૃદ્ધિ તરફની તેની કૂચમાં ભારત ઘાના સાથે ખભે ખભા મિલાવીને ઊભું રહેશે.

ICA ના ૧૩૦ વર્ષના ઈતિહાસમાં વૈશ્વિક પદે નિમાયેલ પ્રથમ ભારતીય બન્યા હર્ષ મુકેશભાઈ સંઘાણી

વિકાસની હરણફાળ ભરતા ભારતના યુવાનોની શકિતને પારખતુ વિશ્વ હર્ષ મુકેશભાઈ સંઘાણી આંતરરાષ્ટ્રીય સહકારી ગઠબંધન (ICA) યુવા સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટાયા

આ ઘટના માત્ર હર્ષ માટે નહિં પણ સમગ્ર ભારતીય સહકારી ક્ષેત્ર માટે એક ગૌરવભર્યો ક્ષણ – દિલીપ સંઘાણી

કમલમ્,

યુવાનો જે ક્ષેત્રમા હોય તે ક્ષેત્રની કઈક વિશિષ્ટ કામગીરી અને અનુભવ લોકોને જોવા-જાણવા મળતો હોય છે. યુવાનો પણ આ બાબતે સજાગ બનીને જે તે ક્ષેત્રના વિકાસ માટે પ્રવૃત રહેતા હોય છે જેમાથી તેમની શકિત નીખરતી હોય છે તેનો અહેસાસ સમય આવ્યે સમાજ, રાજય, દેશ-વિદેશને લાભકારક નિવડતો હોય છે. ૧૮૯૫ માં લંડનમાં સ્થાપિત ICA નુ મુખ્ય મથક બ્રુસેલ્સ (બેલ્જિયમ) ખાતે મુખ્યાલય ધરાવે છે વિશ્વના ૧૦૫ દેશોમાથી ૩૦૬ સમુહો અને ૧ અબજ થી વધારે સભ્યો ધરાવેછે. તેમના મુખ્ય હેતુ હંમેશા વૈશ્વિક સ્તરે સહકારના મુખ્ય પ્રતિક તરીકે રહેવુ, વિશ્વભરના સહકારી સંગઠનો એકસાથે જોડવા તેમજ સહકારી પ્રવૃતિ દ્વારા ICA સાથે સહકાર આપીને કુશળતા, જ્ઞાન અને સંકલિત કામગીરી માટે ફોરમ પુરૂ પાડે છે. ICA યુવાસમિતિના મુખ્ય કાર્યોમાં સહકારી સંગઠનોને પ્રોત્સાહન અને વિકાસ, સહકારના મૂળભૂત સિંધ્ધાતોનું રક્ષણ વિશ્વભરમાં સહકારી સહયોગ વધારવો, નિતિ અને પધ્ધિતઓનો પ્રચાર-પ્રસાર, માર્ગદર્શન, તાલીમ તેમજ તેમના મુખ્ય સિંધ્ધાતોમાં સ્વૈચ્છિક અને ખુલ્લા સભ્યપદ, લોકશાહી નિયંત્રણ, આર્થિક સહાય અને ભાગીદારી, સ્વતંત્રતા, શિક્ષણ, તાલીમ, સહકાર વચ્ચે સહકાર, સમાજ પ્રત્યે જવાબદારી પર યુવા સમિતિ અને ICA ધ્યાન આપેછે. ICA ની યુવા પાંખ આફ્રિકા, એશીયા-પેસેફીક, યુરોપ સહિત કુલ-૪ ઝોનમાં વિશાળ વિસ્તારમાં પથરાએલછે. તેમના ૮ બંધારણીય સંગઠનો આવેલા છે જેમાં મુખ્યત્વે ખેતિ, બેંકિંગ, હેલ્થ, ફિશરી, હાઉસીંગ, ઈન્સ્યુરન્સ, ઉદ્યોગ અને સેવાઓનો સમાવેશ થાય છે. મેન્ચેસ્ટર (યુ.કે.) ખાતે સામાન્ય સભામાં ICA એશીયાપેસિફિકના અધ્યક્ષ ડો. ચંદ્રપાલસિંહ યાદવ, ઈફકોના મેનેજીંગ ડીરેક્ટર યુ.એસ. અવસ્થી, માર્કેટીંગ ડિરેકટર યોગેન્દ્રકુમાર, ગુજરાત મહિલા ક્રેડીટ સોસાયટીના અધ્યક્ષ ગીતાબેન સંઘાણી, મનીષભાઈ સંઘાણી સહિત અનેક સહકારી અગ્રણીઓએ હર્ષ સંઘાણીને શુભેચ્છા સાથે આર્શિવાદ આપી ભાવિ કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યકત કરી હતી. અમરેલીના યુવા પ્રતિભાની કે, જેમણે રાજકીય ભૂમિકામાં અગાઉ પણ ગુજરાત વિધાનસભામા યુવા એસેમ્બલીમા ભાગ લઈ શ્રેષ્ઠતા પુરવાર કરનાર હર્ષ મુકેશભાઈ સંઘાણી આપહેલા પણ સ્ટેટ લેવલ પર, રાષ્ટ્રીય સ્તર હોય કે આંતરરાષ્ટ્રીય સ્તર પરની વિવિધ સ્પર્ધાઓ કે મંચ પર તેઓ તેમની નેતૃત્વ શકિતનો પરિચય આપી ચુકેલ છે. ICA ની યુવા સમિતિ અધ્યક્ષ તરીકે પસંદગી થવી તે તેમની અદભુત નેતૃત્વ ક્ષમતાઓ અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેમના અનુભવોના કારણે શકય બન્યુ છે. રાષ્ટ્ર-દેશ હિત સાથે વૈશ્વિક વિષયો પરના ઘણા બધા પ્રોજેકટમાં ભારતના યુવાનોને વિકાસ માટે જોડયા છે અને વૈશ્વિક સ્તરે અમરેલી-ગુજરાત-ભારતનું નામ રોશન કર્યુ છે.

યોગ્ય નસલ સુધારણા અને વૈજ્ઞાનિક પદ્ધતિના પાલનથી દેશી ગાય પણ રેકોર્ડ દુધ ઉત્પાદન માટે સક્ષમ છે: શ્રી આચાર્ય દેવવ્રતજી

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ 'વર્ચ્યુઅલી' કર્યુ લાલા જ્યોતિ પ્રસાદ ગૌશાળા, નસલ સુધારણા તથા સંશોધન કેન્દ્રનું ઉદ્ઘાટન

હરિયાણાના ગુરુકુલ કુરુક્ષેત્રના પ્રાકૃતિક ખેતી ફાર્મ પર પ્રાકૃતિક ખેતી અભિયાન સાથે જોડાશે દેશી ગાયો માટે નસલ સુધારણા અને સંશોધન અભિયાન

કમલમ્,

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ હરિયાણાના કુરુક્ષેત્રના કેંથલા ખાતે આવેલા ગુરુકુલના પ્રાકૃતિક ખેતી ફાર્મ પર 'લાલા જ્યોતિ પ્રસાદ ગૌશાળા, નસલ સુધારણા તથા સંશોધન કેન્દ્ર'નું ઉદ્ઘાટન વર્ચ્યુઅલ માધ્યમથી કર્યું હતું. ગુરુકુલ કુરુક્ષેત્ર માત્ર યુવાનોના ચરિત્ર નિર્માણ અને ભવિષ્ય ઘડતરમાં જ અગ્રણી નથી, પણ સશક્ત રાષ્ટ્ર અને જાગૃત સમાજના નિર્માણની દિશામાં પણ ઉમદા કાર્યકરી રહ્યુંછે. કાર્યક્રમને વર્ચ્યુઅલી સંબોધિત કરતાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતુંકે, ગુરુકુલ કુરુક્ષેત્ર ગૌ-નસલ સુધારણા ક્ષેત્રે અત્યંત મહત્વપૂર્ણ કાર્યકરી રહ્યુંછે. તેમણે જણાવ્યું કે, એક બાજુ વિદેશી નસલની ગાયો સરેરાશ ૫૩ લિટર સુધીનું દૂધ આપે છે, ત્યારે દેશી નસલની ગાયો પણ પ્રતિદિન ૨૨ લિટર જેટલું દૂધનું રેકોર્ડ ઉત્પાદન આપીરહી છે. આ સિદ્ધિએ દર્શાવે છે કે, યોગ્ય નસલ સુધારણા અને વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉછેરથી દેશી ગાય પણ રેકોર્ડ દૂધઉત્પાદન આપી શકેછે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશભરમાં ખૂબ જ ઓછી કિંમતે સેકસ સોર્ટેડ સિમેન ઉપલબ્ધ કરાવ્યાછે, જેનાકારણે વાછરડીના જન્મની સંભાવના વધી જાય છે. એટલું જ નહીં આ પદ્ધતિથી ગાય વધુ દૂધ ઉત્પન્ન કરવા માટે સક્ષમ થઈ શકે છે. તેમણે કહ્યુંકે, ગુરુકુલ કુરુક્ષેત્રદ્વારા શરૂ કરાયેલું પ્રાકૃતિક ખેતી અને ગૌ-નસલ સુધારણાનું આ સંયુક્ત અભિયાન સમગ્ર દેશમાં નવી કૃષિ ક્રાંતિનો આરંભ કરશે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ નવનિર્મિત ગૌશાળાને શુભકામનાઓ પાઠવીને જણાવ્યું કે, આજ લોકો દેશી ગાયોની ઉપયોગિતા ભૂલી રહ્યા છે. તેમણે જણાવ્યું કે જો દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રનો ઉપયોગ પ્રાકૃતિક ખેતીમાં થાય, તો ખેડૂત ગુણવત્તાવાળું અનાજ, ફળો અને શાકભાજી ઉગાડી આર્થિક રીતે સમૃદ્ધ બની શકે છે અને સાથે ગૌમાતાની પરિસ્થિતિ પણ સુધરી શકે છે. રાજ્યપાલશ્રીએ આશા વ્યકત કરી કે આ નવનિર્મિત ગૌશાળા ભારતની ઐતિહાસિક અને ઉન્નત ગૌશાળા રૂપે વિકસશે. અહીં ગીર, રાઠી, લાલ સીંગી, થારપારકર, હરીયાણી અને સાહીવાલ જેવી દેશી નસલની સુધારણા અને સંશોધન થશે. ઉન્નત નસલ દૂધ ઉત્પાદન વધારવામાં પશુપાલકો માટે લાભદાયક બનાવશે.

આ પ્રસંગે લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવી, ઓએસડી ટુ ગવર્નર ડૉ. રાજેન્દ્ર વિદ્યાલંકાર, ગુરુકુલના વડા શ્રી રાજકુમાર ગર્ગ, ગુરુકુલ નીલોખેડીના નિયામક શ્રી જગદીશ આર્ય, ગુરુકુલ જયોતિસરના નિયામક શ્રી શિવકુમાર આર્ય, આર્યકુલમના નિયામક શ્રી મહેન્દ્ર આર્ય, એનઆઈટીના અધિકારી શ્રી યોગવીરસિંહ લાંબા, ડી.એ.વી. પબ્લિક સ્કૂલના પ્રિન્સિપાલ શ્રીમતી મનીષા લાંબા, ચમનવાટિકા કન્યા ગુરુકુલના શ્રીમતી કવિતા ચૌધરી, ગુરુકુલ કુરુક્ષેત્રના નિયામક બ્રિગેડિયર ડૉ. પ્રવીણકુમાર, શ્રીમતી ઋતુ શર્મા અને પ્રિન્સિપાલ શ્રી સૂબે પ્રતાપ સહિત અનેક ગણમાન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યાહતા.

તંત્રી સ્થાનેથી......

પ્રથમ ખેલો ઈન્ડિયા વોટર સ્પોર્ટ્સ ફેસ્ટિવલ ૨૧ ઓગસ્ટથી ૨૩ ઓગસ્ટ દરમિયાન શ્રીનગરના આઈકોનિક દાલ લેક ખાતે યોજાશે. આ જાહેરાત કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ગુરુવારે કરી હતી. ખેલો ઈન્ડિયા કેલેન્ડરના વિકાસના ભાગ રૂપે, જમ્મુ અને કાશ્મીરમાં વોટર ગેમ્સનું ઉદ્ઘાટન આવૃત્તિ મે મહિનામાં દીવમાં યોજાયેલા પ્રથમ ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સની પાછળ આવે છે. વોટર સ્પોર્ટ્સ ફેસ્ટિવલમાં પાંચ રમતો જોવા મળશે - કાયાકિંગ અને કેનોઈંગ, રોઈંગ, વોટર સ્કીઈંગ, શિકારા રેસ અને ડ્રેગન બોટ. "ખેલો ઈન્ડિયા વોટર સ્પોર્ટ્સ ફેસ્ટિવલ એ સરકારની વ્યાપક રમતો પ્રત્યેની પ્રતિબદ્ધતા અને રાષ્ટ્રીય સ્તરે રમતવીરોને પોતાને વ્યક્ત કરવા માટે વધુ તકો ઊભી કરવાની પ્રતિબદ્ધતાનો બીજો પુરાવો છે. દીવમાં પ્રથમ ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સની જેમ, અમે ઈચ્છીએ છીએ કે ખેલો ઈન્ડિયા વધુ સમાવિષ્ટ બને અને દેશના દરેક ખૂણા સુધી પહોંચે," એમ કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું. ઓપન-એજ સ્પર્ધામાં ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૪૦૦ થી વધુ ખેલાડીઓની ભાગીદારી જોવા મળે તેવી અપેક્ષા છે. રમતવીરોનું નામાંકન રાષ્ટ્રીય રમતગમત ફેડરેશન દ્વારા તેમની રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ અથવા અન્ય યોગ્ય ઈવેન્ટ્સમાંથી અથવા મેરિટના આધારે રમતો ટેકનિકલ આચાર સમિતિ દ્વારા નક્કી કરવામાં આવશે.

રાજ્યની તમામ APMC ને ટેકનોલોજી થકી વધુ સશકત-કાર્યક્ષમ બનાવવા માટે ઝોનવાઈઝ સમીક્ષા-પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન

કમલમ્,

ભારતમાં સહકારી ક્રાંતિના જન્મ સ્થળની ઓળખ ધરાવતા ગુજરાતમાં કુલ ૨૨૪ કૃષિ ઉત્પન્નબજાર સમિતિ-APMC કાર્યરત છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષે ઉત્તર ઝોનના ૬ જિલ્લા, મધ્ય ઝોનના ૧૦, દક્ષિણ ઝોનના ૫ તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છ ઝોનના ૧૨ જિલ્લામાં e NAM અને AGMARK જેવા વિષયો પર સમીક્ષા-પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયા હતા. જેમાં કુલ ૧૪૪ જેટલા માર્કેટિંગ કમિટીના સચિવો સહિત સહકારી ક્ષેત્રના આગેવાનો મોટી સંખ્યામાં સહભાગી થયા હતા. સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા ગત તા. ૧૯ જૂન, ૨૦૨૪ના રોજ વર્ષ ૨૦૨૫ને 'આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ' તરીકે જાહેર કરવામાં આવ્યું છે. જે અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને દેશના પ્રથમ સહકારિતા મંત્રીશ્રી અમિત શાહની પ્રેરણાથી આ વર્ષે દેશભરમાં "કો-ઓપરેટિવ્ઝ બિલ્ડ અ બેટર વર્લ્ડ"ની થીમ સાથે 'આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ' ઉજવાઈ રહ્યું છે. આ ઉજવણીના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા ગુજરાતની તમામ APMC ને ટેકનોલોજી થકી વધુ સશકત અને કાર્યક્ષમ બનાવવા માટે ઝોનવાઈઝ સમીક્ષા-પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશના લાખો ખેડૂતો, પશુપાલકો, માછીમારો, સહકારી મંડળીઓ તેમજ સ્વસહાય જૂથો સાથે સંકળાયેલી મહિલાઓના ઉજ્જવળ ભવિષ્ય માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અનેક મહત્વપૂર્ણ યોજનાઓનું અમલીકરણ થઈ રહ્યું છે. રાજ્યની તમામ APMC માં ૧૦૦ ટકા ડિજિટલાઈજેશન માટે રાજ્ય સરકાર દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે ઝોનવાઈઝ APMC અમદાવાદ, ઊંઝા, રાજકોટ અને સુરત ખાતે સમીક્ષા-પ્રશિક્ષણ કાર્યક્રમમાં 'નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ'-e NAM ના અમલની સમીક્ષા, બજાર ભાવ પારદર્શિતા માટે 'એગ્રીકલ્ચર માર્કેટિંગ'-AGMARK ડેટા એન્ટ્રીનું મહત્વ, કૃષિ વેપારમાં ડિજિટલ વ્યવહાર માટે પ્રોત્સાહન, e-APMC પોર્ટલના વિકાસ વિશે ચર્ચા, Gate Entry, e-Trade અને e-Payment, ખેડૂત અને માર્કેટ ભાગીદારો માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન જેવા વિવિધ વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

સમૃદ્ધ ગુજરાત - કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓનું ભવ્ય પ્રદર્શન

કમલમ્,

અમદાવાદના નવરંગપુરામાં મીઠાખળી છ રસ્તા વિસ્તારમાં આવેલા સરદાર પટેલ સેવા સમાજ ખાતે સમસા ફાઉન્ડેશન દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ શાખાઓ અને સાહસોના સહયોગ થકી ત્રિ-દિવસીય પ્રદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની માહિતી સામાન્ય લોકો સુધી પહોંચાડવામાં આવી રહી છે. આ કાર્યક્રમનું ઉદઘાટન અમદાવાદ પશ્ચિમના લોકસભા સાંસદ શ્રી દિનેશ મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ શ્રી પ્રેરક શાહ તેમજ અમદાવાદ પશ્ચિમ વિસ્તારના ધારાસભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ સાહસો દ્વારા યોજાયેલા પ્રદર્શનો શાળાના વિદ્યાર્થીઓ તેમજ આઈ. ટી અને ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓએ નિહાળ્યા હતા. પ્રદર્શન વિશે વાત કરતાં લોકસભા સાંસદ શ્રી દિનેશ મકવાણાએ જણાવ્યું હતું કે, સમસા ફાઉન્ડેશન દ્વારા આજે વિશેષ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેથી લોકોને રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને દેશના વિવિધ રાજ્યોની સરકારી યોજનાઓનો લાભ મળી શકે અને સરકાર લાભાર્થીઓ સુધી પહોંચી શકે. ભારતને મજબૂત રાષ્ટ્ર બનાવવા માટે, દેશના સફળ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદ પશ્ચિમમાં આ પ્રદર્શનનું આયોજન કર્યું છે. જેથી દેશના ગરીબ, મધ્યમ વર્ગ અને નીચલા વર્ગના લોકોને લાભ મળી શકે. હું ખાસ કરીને અમદાવાદના લોકોને વિનંતી કરું છું કે, દરેક વ્યક્તિએ આ ત્રણ દિવસીય પ્રદર્શન કાર્યક્રમનો લાભ લેવો જોઈએ. આ પ્રદર્શનમાં ઈન્સ્યોરન્સ કંપની, બેંકિંગ કંપની, એરોનોટિકલ કંપની વગેરે જેવા દેશના ૫૦ થી વધુ સ્ટોલ્સનું અહીં લોકો માટે પ્રદર્શન રાખવામાં આવ્યું છે. સામાન્ય જનતાને કેન્દ્ર સરકારની અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની માહિતી મળે, લોકો તેનો લાભ લે અને તેમના જીવનની અંદર પરિવર્તન આવે, તે માટે આજે ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો છે.

પ્રદર્શનનું વિશેષ આકર્ષણ

ભારતના વંશીય સર્વોચ્ચતાનો વિતરણ (ખાદી, શણ, વાંસ અને બાગાયતી)

અન્ય આકર્ષણો

વિજ્ઞાન અને પ્રોદ્યોગિક, નાણાં બેંકિંગ અને વીમા, સ્વાસ્થ્ય અને કલ્યાણ, કૃષિ અને બાગાયતી, હસ્તકલા અને હસ્તશિલ્પ, અંતરિક્ષ વિજ્ઞાન અને પરમાણુ ઉર્જા, વાણિજ્ય અને વેપાર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઔદ્યોગિક વિકાસ, કૃષિ અન પશુપાલન, આવાસ અને શહેરી વિકાસ.

નારીને સક્ષમ બનાવવા રાજ્યસરકારે આરોગ્ય, શિક્ષણ સહિતની અનેકવિધ સરકારી યોજનાઓ અમલીકૃત કરી છે - મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા

જસદણ ખાતે "નારી સંમેલન" યોજાયું - લાભાર્થીઓને ટી.એચ.આર. કીટ, વ્હાલી દીકરી યોજનાના હુકમ પત્ર અને વિવિધ ક્ષેત્રે સિદ્ધિ મેળવેલ મહિલાઓને પ્રમાણપત્ર એનાયત કરાયા

કમલમ્, રાજકોટ

જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાના અધ્યક્ષસ્થાને અને જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણીની ઉપસ્થિતિમાં જસદણના કમળાપુર રોડ સ્થિત સ્પોર્ટસ સંકુલ ખાતે "નારી સંમેલન" યોજાયું હતુ. ગુજરાત રાજ્ય મહિલા આયોગ અને બાળ વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ નારી સંમેલનમાં આશરે ૩૦૦ મહિલાઓને નારી અદાલત અંગેની સમજ, જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ઘરેલું હિંસા અધિનિયમ ૨૦૦૫, કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી નિવારણ અધિનિયમ અને મહિલા સુરક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત, ૧૮૧ મહિલા અભયમ સ્ટાફ દ્વારા ૧૮૧ અભયમ ડેમો, મહિલા આઈ.ટી.આઈ. પ્રિન્સિપાલશ્રી દ્વારા મહિલા આઈ. ટી.આઈ. અંતર્ગત ચાલતા વિવિધ કોર્સ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ તકે મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતુ કે, નારી સક્ષમ, સબળ અને સશક્ત બને તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આજના નારી સંમેલનનું આયોજન જસદણ અને વીંછિયાની બહેનોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાની માહિતી અને લાભ આપવા માટે કરવામાં આવ્યું છે. તંદુરસ્ત પરિવાર અને તંદુરસ્ત સમાજ માટે જસદણ અને વિંછીયાની મહિલાઓને આરોગ્યને લગતી તમામ સુવિધાઓ મળી તે માટે અદ્યતન મકાનયુક્ત આરોગ્ય કેન્દ્રમાં દવાઓ અને જરૂરી સાધનોની વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. કન્યા કેળવણીને પ્રાધાન્ય આપવા રાજ્યના છેવાડાના વિસ્તારોમાં રહેતી દીકરીઓનું શિક્ષણ ન છૂટે તે માટે સીમ શાળા શરૂ કરવામાં આવી છે, જેમાં રાજ્યની સૌથી વધુ સીમ શાળા જસદણ અને વિંછીયા તાલુકામાં છે. તેમજ દીકરીઓના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી હાઈસ્કૂલમાં વધુને વધુ સારી સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છીએકે, ઉચ્ચ અભ્યાસ માટે સરકારી કોલેજની પણ શરૂઆત કરાઈ છે. મહિલાઓને આત્મનિર્ભર બનવા અને પોતાના કૌશલ્યને ખીલવવા જસદણ અને વિંછીયા આઈ. ટી.આઈ. માં વિવિધ કોર્સ ચલાવવામાં આવે છે. અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે છ કરોડથી વધુના ખર્ચે વિંછીયા ખાતે લાઈબ્રેરીની સુવિધા ઉભી કરવામાં આવી છે. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દિવ્યાંગ બહેનોને જસદણ વિંછીયા તાલુકામાં દિવ્યાંગ સાધન સહાય યોજના અન્વયે સમયાંતરે વિવિધ લાભો આપવામાં આવે છે. મહિલાઓ આત્મનિર્ભર બને તે માટે આર્થિક વિકાસ નિગમ દ્વારા સબસિડાઈઝડ લોન આપવામાં આવે છે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી પ્રવિણાબેન રંગાણીએ જણાવ્યું હતું કે, સ્ત્રી જગદંબા સ્વરૂપા છે, સ્ત્રીઓ પોતાની અંદર રહેલી અનેરી શક્તિઓને ખીલવીને આત્મનિર્ભર બનવા તરફનો અભિગમ અપનાવી સમાજમાં અનન્ય યોગદાન આપી રહી છે. સમાજમાં એક મહિલાની પ્રગતિ અનેક મહિલાઓ માટે પ્રેરણારૂપ બને છે. દીકરીઓની ઉન્નતિ માટે દીકરીના જન્મથી પરણવા સુધીની સફરમાં સરકારની અનેક યોજનાઓ અમલી કરાઈ છે. કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોએ દીપપ્રાગટ્યથી કરી હતી. તાલુકાની બાળાઓએ સાંસ્કૃતિક કૃતિ રજૂ કરી હતી. જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રી જનકસિંહ ગોહિલે શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ, નીતાબેન ગઢાદરા અને શ્રી સોનલબેન વસાણીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતુ. કાર્યક્રમના અંતે મંત્રીશ્રી દ્વારા ૨૫ જેટલા લાભાર્થીઓને ટી. એચ.આર. કીટ, વ્હાલી દીકરી યોજનાના મંજૂરી હુકમ પત્ર અને વિવિધ ક્ષેત્રે સિદ્ધિ મેળવેલ મહિલાઓને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. આ કાર્યક્રમમાં અગ્રણી શ્રી હિતેશભાઈ વોરા, શ્રી હંસાબેન રાદડિયા, શ્રી ગીતાબેન ચૌહાણ, શ્રી મનીષાબેન રાવલ, શ્રી કાજલબેન ધોળકિયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી ઈલાબેન ગોહિલ, સમાજ સુરક્ષા અધિકારી શ્રી પ્રાર્થનાબેન શેરસીયા, વિંછીયા મામલતદાર આઈ.જી. ઝાલા સહિત બહોળી સંખ્યામાં મહિલાઓ અને કિશોરીઓ ઉપસ્થિત રહી હતી.

ભારતના રાષ્ટ્રપતિએ ડૂરંડ કપ ટુર્નામેન્ટની ટ્રોફીનું અનાવરણ કર્યું

કમલમ્,

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ (૪ જુલાઈ, ૨૦૨૫) રાષ્ટ્રપતિ ભવન સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે આયોજિત એક કાર્યક્રમમાં ડૂરંડ કપ ટુર્નામેન્ટ ૨૦૨૫ની ટ્રોફીનું અનાવરણ કરી અને ઝંડી બતાવી. આ પ્રસંગે પોતાના સંક્ષિપ્ત સંબોધનમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે રમતગમત શિસ્ત, દૃઢ નિશ્ચય અને ટીમ ભાવનાને પ્રોત્સાહન આપે છે. રમતગમતમાં લોકો, પ્રદેશો અને દેશોને જોડવાની અનોખી શક્તિ છે. ભારતમાં તે રાષ્ટ્રીય એકતા માટે એક શક્તિશાળી સાધન રહ્યું છે. ઓલિમ્પિક અથવા કોઈપણ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં જ્યારે ત્રિરંગો ફરકાવવામાં આવે છે ત્યારે બધા સાથી નાગરિકો રોમાંચિત થઈ જાય છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે ફૂટબોલ લાખો લોકોના હૃદયમાં એક ખાસ સ્થાન ધરાવે છે. તે માત્ર એક રમત નથી; તે એક જુસ્સો છે. ફૂટબોલની રમત વ્યૂહરચના, સહનશક્તિ અને એક સામાન્ય ધ્યેય તરફ સાથે મળીને કામ કરવા વિશે છે. ડૂરંડ કપ જેવી ઘટનાઓ માત્ર રમતની ભાવનાને પ્રોત્સાહન આપતી નથી પરંતુ ફૂટબોલ ખેલાડીઓની આગામી પેઢીને વિકસાવવામાં પણ મદદ કરે છે, જેનાથી તેમને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે એક પ્લેટફોર્મ મળે છે. તેમણે ડૂરંડ કપની ભાવનાને જીવંત રાખવા અને તેને પ્રોત્સાહન આપવામાં સશસ્ત્ર દળોની ભૂમિકાની પ્રશંસા કરી છે.

રાસાયણિક શસ્ત્રો નિષેધ સંગઠન (OCC) દ્વારા નવી દિલ્હીમાં ૧ થી ૩ જુલાઈ, ૨૦૨૫ દરમિયાન એશિયા બેઠકનું આયોજન

કમલમ્, કમલમ્,

રાસાયણિક શસ્ત્રો સંમેલન (CWC) 1997માં અમલમાં આવ્યું હતું, રાસાયણિક શસ્ત્રો નિષેધ સંગઠન (OPCW) રાસાયણિક શસ્ત્રો સંમેલન માટે અમલીકરણ સંસ્થા છે, તેના ૧૯૩ સભ્ય દેશો સાથે, તે રાસાયણિક શસ્ત્રોને કાયમી અને ચકાસણીપૂર્વક નાબૂદ કરવાના વૈશ્વિક પ્રયાસોનું નિરીક્ષણ કરે છે. રાસાયણિક શસ્ત્રોને નાબૂદ કરવાના તેના વ્યાપક પ્રયાસો માટે OPCW ને ૨૦૧૩ નો નોબેલ શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. ભારત આ સંમેલનનો મૂળ સહીકર્તા છે. નેશનલ ઓથોરિટી કેમિકલ વેપન્સ કન્વેન્શન (NACWC) ભારતમાં સંમેલન લાગુ કરવા માટે જવાબદાર રાષ્ટ્રીય સત્તા છે. ૨૦૨૪માં, NACWC એ OPCW માર્ગદર્શન/ભાગીદારી કાર્યક્રમ હેઠળ કેન્યા રાષ્ટ્રીય સત્તામંડળને સફળતાપૂર્વક માર્ગદર્શન આપ્યું જેથી તેની અમલીકરણ ક્ષમતા મજબૂત થાય. ભારતનું સૌથી જૂનું કેમિકલ ઈન્ડસ્ટ્રી એસોસિએશન, ઈન્ડિયન કેમિકલ કાઉન્સિલ (ICC), ઉદ્યોગ સુધી પહોંચવા માટે NACWC સાથે નજીકથી કામ કરે છે. ICC એ ભારતમાં રાસાયણિક સલામતીને પ્રોત્સાહન આપવા, સંમેલનનું પાલન કરવા અને ઉદ્યોગ-વ્યાપી સુરક્ષા પ્રથાઓને વધારવામાં તેની ભૂમિકા બદલ OPCW-ધ હેગ એવોર્ડ ૨૦૨૪થી ભારતને ગૌરવ અપાવ્યું. આ પહેલી વાર છે જ્યારે કોઈ રાસાયણિક ઉદ્યોગ સંસ્થાને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. 'OPCW-ધ હેગ એવોર્ડ' રાસાયણિક શસ્ત્રો સંમેલનના લક્ષ્યોને આગળ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા વ્યક્તિઓ અને સંગઠનોને ઓળખે છે.

રાષ્ટ્રીય સત્તાવાળાઓની ક્ષમતા નિર્માણ દ્વારા સંમેલનના અમલીકરણને ટેકો આપવા માટે OPCW દ્વારા વાર્ષિક ધોરણે રાષ્ટ્રીય સત્તાવાળાઓની પ્રાદેશિક બેઠકોનું આયોજન કરવામાં આવે છે. આ વાર્ષિક બેઠક CWC અમલીકરણ માટે અનુભવો, માહિતી અને શ્રેષ્ઠ પ્રથાઓનું આદાનપ્રદાન કરવાની તક પૂરી પાડે છે, અને સંમેલન હેઠળ જવાબદારીઓનું પાલન કરવા માટે મુદ્દાઓ અને ઉકેલો રજૂ કરવા અને ચર્ચા કરવા માટે એક પ્લેટફોર્મ પણ પૂરું પાડે છે જે પ્રાદેશિક રીતે રાષ્ટ્રીય સત્તાવાળાઓ માટે ખાસ મહત્વ ધરાવે છે. આ ક્રિયાપ્રતિક્રિયા દ્વિપક્ષીય અને પ્રાદેશિક સહયોગને પ્રોત્સાહન આપે છે અને રાષ્ટ્રીય સત્તાવાળાઓ વચ્ચે નેટવર્કને મજબૂત બનાવે છે. OPCW દ્વારા આયોજિત અને નેશનલ ઓથોરિટી કેમિકલ વેપન્સ કન્વેન્શન (NACWC) ભારત દ્વારા આયોજિત એશિયામાં રાષ્ટ્રીય સત્તાવાળાઓના રાજ્ય પક્ષોની ૨૩મી પ્રાદેશિક બેઠક ૧ જુલાઈના રોજ નવી દિલ્હીના વાણિજ્ય ભવન ખાતે OPCW ના વરિષ્ઠ અધિકારીઓ, એશિયાભરના રાષ્ટ્રીય સત્તાવાળાઓના આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ, ભારત સરકારના વિદેશ મંત્રાલય અને દ્દછઝઉઝ, કેબિનેટ સચિવાલય, ભારત સરકારના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં શરૂ થઈ. આ બેઠકમાં ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ભૂતાન, ચીન, કંબોડિયા, ઈરાક, ભારત, ઈન્ડોનેશિયા, જાપાન, જોર્ડન, કિર્ગિસ્તાન, કુવૈત, લેબનોન, મલેશિયા, મ્યાનમાર, માલદીવ, ફિલિપાઈન્સ, ઓમાન, કોરિયા પ્રજાસત્તાક, સિંગાપોર, શ્રીલંકા, થાઈલેન્ડ, સંયુક્ત આરબ અમીરાત અને વિયેતનામ સહિત એશિયા ક્ષેત્રના ૨૪ રાજ્ય પક્ષો (દેશો) ના ૩૮ પ્રતિનિધિઓ તેમજ OPCW અને એશિયા અને પેસિફિકમાં સંયુક્ત રાષ્ટ્ર પ્રાદેશિક શાંતિ અને નિઃશસ્ત્રીકરણ કેન્દ્ર (UNRCPD) ના અધિકારીઓએ હાજરી આપી હતી. આ પ્રાદેશિક બેઠક દરમિયાન, પ્રતિનિધિઓએ તેમના અનુભવો શેર કર્યા, રાષ્ટ્રીય અમલીકરણ પડકારો, શ્રેષ્ઠ પ્રથાઓ અને વધુ સહયોગ માટેની તકોની ચર્ચા કરી. આ સત્રોમાં કાયદાકીય માળખા, રાસાયણિક સલામતી અને સુરક્ષા, રાસાયણિક ઉદ્યોગ સહિત હિસ્સેદારોની ભૂમિકા અને કૃત્રિમ બુદ્ધિમત્તાના ઉપયોગ પર ચર્ચા કરવામાં આવી હતી. OPCW એ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ઠરાવ ૧૫૪૦ અને CWC વચ્ચેના સિનર્જી તેમજ ભવિષ્યના માર્ગદર્શન ભાગીદારી કાર્યક્રમો પર ચર્ચાઓ પર મહત્વપૂર્ણ અપડેટ્સ પ્રદાન કર્યા હતા. ૩ દિવસની પ્રાદેશિક બેઠક રાસાયણિક શસ્ત્રો સંમેલનના અમલીકરણમાં એશિયન દેશો વચ્ચે પ્રાદેશિક સહયોગને મજબૂત બનાવવાની અપેક્ષા છે.

ભારતીય કેરી નિકાસને પ્રોત્સાહન આપવા માટે APEDA દ્વારા અબુ ધાબીમાં 'ઈન્ડિયન મેંગો મેનિયા ૨૦૨૫'નું આયોજન

'ઇન્ડિયન મેંગો મેનિયા ૨૦૨૫' માં પ્રદર્શિત GI-ટેગવાળી વિશેષતાઓ સહિત પ્રીમિયમ ભારતીય કેરીની જાતો

કમલમ્,

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળના કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA) એ ભારતીય કૃષિ ઉત્પાદનો, ખાસ કરીને કેરીની વૈશ્વિક હાજરી વધારવાના તેના ચાલુ પ્રયાસોના ભાગ રૂપે અબુ ધાબીમાં કેરી પ્રમોશન કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં 'ઈન્ડિયન મેંગો મેનિયા ૨૦૨૫'નો પ્રારંભ થયો - જે UAE માં ભારતીય દૂતાવાસ અને લુલુ ગ્રુપના સહયોગથી આયોજિત એક જીવંત ઈન-સ્ટોર કેરી ઉત્સવ છે. કેરીની મોસમની ટોચ સાથે, આ પ્રમોશનનો હેતુ આંતરરાષ્ટ્રીય ગ્રાહકો, ખાસ કરીને UAE અને ગલ્ફ ક્ષેત્રમાં મોટા ભારતીય ડાયસ્પોરા સમક્ષ ભારતની શ્રેષ્ઠ કેરીની જાતો પ્રદર્શિત કરવાનો છે. પ્રદર્શિત કરાયેલી પ્રીમિયમ ભારતીય કેરીની જાતોમાં GI-ટેગવાળી અને પ્રદેશિક વિશેષતાઓ જેવી કે બનારસી લંગડા, દશેરી, ચૌસા, સુંદરજા, આમ્રપાલી, માલદા, ભારત ભોગ, પ્રભાશંકર, લક્ષ્મણ ભોગ, મહમૂદ બહાર, વૃંદાવની, ફાસલી અને મલ્લિકાનો સમાવેશ થાય છે. આ ઝુંબેશનો સત્તાવાર રીતે UAE ખાતે ભારતના રાજદૂત શ્રી સંજય સુધીર દ્વારા લુલુ હાઈપરમાર્કેટ, ખાલિદિયાહ મોલ, અબુ ધાબી ખાતે લુલુ ગ્રુપના ચેરમેન શ્રી યુસુફ અલી એમ.એ.ની હાજરીમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભારતીય દૂતાવાસના કાઉન્સેલર (વેપાર અને રોકાણ), શ્રી રોહિત મિશ્રા; APEDA ના ડેપ્યુટી જનરલ મેનેજર, ડૉ. સી.બી. સિંહ; અને અન્ય મહાનુભાવો પણ હાજર રહ્યા હતા. આ પ્રસંગે બોલતા, શ્રી સંજય સુધીરે જણાવ્યું હતું કે લુલુ વૈશ્વિક સ્તરે ભારતીય ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ રહ્યું છે અને APEDA એ ભારતીય કેરી ઉત્પાદકોને UAE માં બજારો સાથે જોડવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. "આ ઉત્સવ દ્વારા, ભારતીય કેરીની તાજગી અને સમૃદ્ધિ, ખાસ કરીને ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, મધ્ય પ્રદેશ અને પૂર્વીય ક્ષેત્ર જેવા રાજ્યોમાંથી, અખાતના ઘરોમાં પહોંચશે," તેમણે કહ્યું. લુલુ ગ્રુપના ચેરમેન, શ્રી યુસુફ અલી એમ.એ., આ લાગણીઓનો પડઘો પાડતા અને ભારત-અખાત બજાર જોડાણોને મજબૂત બનાવવા માટે જૂથની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. "લુલુ યુએઈ અને અખાત ક્ષેત્રમાં અમારી રિટેલ ચેઈન દ્વારા ભારતની શ્રેષ્ઠતા પ્રદર્શિત કરવામાં ગર્વ અનુભવે છે," તેમણે કહ્યું. ભારતથી, APEDA ના ચેરમેન, શ્રી અભિષેક દેવે, એક સંદેશમાં, કેરી જેવા પ્રીમિયમ બાગાયતી ઉત્પાદનો સહિત કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ ઉત્પાદનોની નિકાસ વધારવા માટે APEDA ની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. "APEDA એ ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ અને મધ્ય પ્રદેશમાંથી વિવિધ પ્રકારની કેરીની જાતોના એરલિફ્ટિંગને સરળ બનાવ્યું છે. આ પહેલ માત્ર ભારતની કેરીની વિવિધતાની ઉજવણી જ નથી કરતી પરંતુ ભારતીય ઉત્પાદકો માટે નોંધપાત્ર નિકાસ તકો પણ ઉત્પન્ન કરે છે અને ખેડૂત સમુદાયને ટેકો આપે છે," તેમણે નોંધ્યું. તાજા ફળોના પ્રદર્શન ઉપરાંત, પ્રમોશનમાં કેરી આધારિત રાંધણ વાનગીઓનો સંગ્રહ પણ હતો, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- બેકરી અને ડેઝર્ટ્સ: કેરી પેસ્ટ્રી, સ્વિસ રોલ્સ, ડોનટ્સ, મેકરૂન, મેંગો બ્રેડ અને કેક
- પરંપરાગત ભારતીય વાનગીઓ: મામ્બાઝા પાયસમ, કેરી પુલાવ, કેરી ફિશ કરી, કેરીની ચટણી અને કેરીની ખિચડી
- નાસ્તો અને સલાડ: કેરીના ભજિયા, ચાટ, રાયતા, ઉષ્ણકટિબંધીય સલાડ
- ગ્લોબલ ફ્યુઝન: મેંગો સુશી, મેંગો સ્ટફ્ડ ચિકન, કેરી ચપલી કબાબ
- અથાણાં અને પ્રિઝર્વ્સ: કેરી-ખજૂરનું અથાણું, લસણ કેરીનું અથાણું, કાશ્મીરી-શૈલીનું અથાણું
- પીણાં: તાજા કેરીના રસ, સ્મૂધી, પલ્પ, જામ અને જેલી

યુએઈ ભારતીય કેરી માટે ટોચનું નિકાસ સ્થળ રહ્યું છે. ૨૦૨૪માં, ભારતે યુએઈમાં ૨૦ મિલિયન ડોલરની કિંમતની ૧૨,૦૦૦ મેટ્રિક ટનથી વધુ કેરીની નિકાસ કરી હતી, જે ભારતીય ઉત્પાદનોની મજબૂત માંગ દર્શાવે છે. APEDA FPO, FPC અને કૃષિ-નિકાસકારો માટે બજાર સુલભતામાં સુધારો કરીને અને ઉચ્ચ-ગુણવત્તાવાળા અને વૈવિધ્યસભર કૃષિ-ખાદ્ય ઉત્પાદનોમાં ભારતને વૈશ્વિક નેતા તરીકે સ્થાન આપીને ભારતની કૃષિ નિકાસને વિસ્તૃત કરવા માટે પ્રતિબદ્ધ છે.

૧૬૮- ચોર્યાસી વિધાનસભા ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઈ દ્વારા આયોજિત "એક રાષ્ટ્ર, એક ચૂંટણી" પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું

વક્તાશ્રી જગદીશભાઈ પારેખ દ્વારા "વન નેશન, વન ઈલેક્શન" ના ફાયદાઓ ઉપસ્થિતોને જણાવ્યાં



કમલમ્,બારડોલી

સમગ્ર ગુજરાતમાં સૌપ્રથમ ૧૬૮- ચોર્યાસી વિધાનસભા ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઈ દ્વારા આયોજિત- સુરતનો "એક રાષ્ટ્ર, એક ચૂંટણી" હેઠળ પ્રબુદ્ધ નાગરિક સંમેલન સુરત કૃષિબજારના ખાતે યોજાયું હતું. જેમાં ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઈ એ પોતાની આગવી શૈલીમાં સ્વાગતપ્રવચન કરીસૌને આવકાર્યા હતા. ત્યાર બાદ મુખ્યવક્તા તરીકે એકરાષ્ટ્ર, એકચૂંટણીના ગુજરાત પ્રદેશના સહસંયોજક જગદીશભાઈ પારેખએ ઉપસ્થિત ૪૪૫ લોકોને "એક રાષ્ટ્ર, એક ચૂંટણી"નાં ફાયદાઓજણાવી કહ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયા દરમિયાન થતા જંગી ખર્ચમાં સીધો ઘટાડો થશે, સાથેજ ચૂંટણીપહેલાંઆચાર સંહિતા લાગૂ પડતી હોય છે જેને કારણે પ્રાથમિક અને જરૂરી સુવિધાનાં કામો વિલંબમાં પડે છે. લોકસભા અને વિધાનસભાની

ચૂંટણીઓએક સાથેએક મહિનામાં આવશે જેથી બાકીના દિવસોમાં જરૂરી સુવિધાના કામો ઘોંચમાં પડે તે પહેલાં તેને ચોક્કસ સમયે પૂર્ણ કરી લોકાર્પણ કરી શકાય. બીજી તરફ ચૂંટણીની કામગીરીમાં વહીવટી કર્મચારીઓ પણ આ કામકાજમાં જોડાઈ જતાં હોવાને કારણે સરકારી કચેરીના કામોમાં પણ નાહકનો વિલંબથાય છે જેનું પણ નિવારણ આપમેળે જ આવી જશે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ફરતાં વાહનોમાં ઘટાડો થશે, પ્રદૂષણ ઘટશે જેનો સીધો લાભ પર્યાવરણને થશેજે માનવજીવનના તંદુરસ્તીમાટે મહત્વનીકડી સાબિત થઈ શકે છે. બીજી તરફ ટ્રાન્સપોર્ટેશન ઘટશે જે લાંબે ગાળે ઈંધણ અને સમયનો બચાવ કરી લાવશે. ઈલેકશન દરમિયાન સ્ટેશનરીનો જબરો ઉપયોગ થાય છે તેઘટતાં વૃક્ષોનું અકાળે નિકંદન નીકળતું અટકશે. મતદાતાઓમાં પણ જાગૃતિ આવશે અને પાંચ વર્ષે એક જ વાર ચૂંટણી મુદ્દે મતદાન કરવાનું થતાં નોકરી-ધંધાઓ ઉપર થનારી વિપરીત અસર ટાળી શકાશે એકરાષ્ટ્ર, એકચૂંટણીપ્રબુદ્ધ નાગરિક સંમેલનમાં સુરત મહાનગર ભાજપના પ્રમુખ પરેશભાઈ પટેલ, સુરત જિલ્લા ભાજપ પ્રમુખ ભરતભાઈ રાઠોડ, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ જનકભાઈપટેલ (બગદાણાવાળા), ધારાસભ્ય શ્રી સંદીપભાઈ દેસાઈ, જિલ્લા મહામંત્રી કિશન ભાઈ પટેલ,તથા ૧૬૮ ચોર્યાસી વિધાનસભાના પદાધિકારીઓ, હોદેદારો, સુરત મહાનગર-પાલિકાના પદાધિકારીઓ, સુરત મહાનગરજિલ્લાના મહામંત્રીઓ, તથા વોર્ડના કોર્પોરેટરો, હતાં.

જીવન જયોત ટ્રસ્ટ અમરોલીની સ્વનિર્ભર કોલેજમાં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો"

કમલમ્,

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં ટી.વાય.બી.કોમ., ટી.વાય.બી.બી.એ., ટી.વાય.બી.સી.એ., ટી.વાય.બી.સી.એ. (વિન્ટર)માં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલકરનાર તેમજ યુનિવર્સિટી કક્ષાએ વિષયમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ કોલેજ કેમ્પસમાંતા. ૦૪-૦૭-૨૦૨૫નાં રોજ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને પ્રાર્થનાથી કરવામાં આવીહતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પ્રો.ડૉ.રાજેન્દ્ર બી. પટેલ (Professor and Head, Department of Education, VNSGU, Surat), જીવન જ્યોત ટ્રસ્ટનાપ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ અને ગિરધર ગોપાલમુન્દ્રા, માનદ્ મંત્રીશ્રી અશ્વિન પટેલ અને અનુજભાઈ શાહ, ટ્રસ્ટી શ્રી કાંતિલાલ શાહ,અમરોલી કોલેજનાં ડૉ. સેજલ દેસાઈ, છાપરાભાઠા શાળાના આચાર્ય શ્રી દિલીપભાઈ પરમાર, અંજલીબેન જાની હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીએ મહેમાનોનું પુષ્પગુચ્છ થી સ્વાગત કરી મહેમાનો પરિચય આપ્યો હતો. ઈનામ વિતરણ કાર્યક્રમને ઉપલક્ષીને ડૉ. રાજેન્દ્ર બી. પટેલએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. તેમજ ૧૦૪ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન આચાય શ્રીનાં માર્ગદર્શનહેઠળબી.કોમ,બી.સી.એ., બી.બી.એ., બીએસ.સી. ડેટાનાં કો-ઓર્ડીનેટર તથાકોલેજના અધ્યાપકો અને વહીવટી સ્ટાફ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. સમગ્ર કાર્યક્રમનુસંચાલન કોલેજના આચાર્ય ડૉ.મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શનહેઠળ ડૉ. વિશાલ પંડ્યા, ડૉ. તન્વી ભાલ્લા, ડૉ. વિશ્વનાથ બોરસે તેમજ આભાર વિધી ડૉ. સ્વાતી મહેતા દ્વારા સંચાલન કરવામાંઆવ્યું હતું.

કમલમ્, જીગર બી. ઠક્કર

શીકાંગો ધર્મસભામાં ઐતિહાસિક ભાષણ કરી વિશ્વને ભારતીય સંસ્કૃતિના પ્રભાવી દર્શન કરાવી વિશ્વમાં ભારતનો ડંકોવગાડનાર રાષ્ટ્રીય સંત,યુગ પુરુષ, કરોડો યુવાનોના આદર્શસ્વામીવિવેકાનંદ જીને પુણ્યતિથિએ સત સત નમન. ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો જેવા વિદ્યુત શબ્દ થી લોકો માં ચેતના પ્રગટાવનાર સ્વામી જી ની પુણ્યતિથિ એ કર્તવ્ય ટીમ દ્વારા ગાંધીધામ મધ્યે સ્વામી જી ની મૂર્તિ ને સાફ-સફાઈ કરી જળાભિષેક કરી કરાયો હતો,સામાજિક આગેવાન શ્રી તેજાભાઈ કાનગડ દ્વારા ફુલમાલા અર્પણ કરી પુષ્પાંજલિ અપાઈ હતી. હંસરાજ ભાઈ કિરી એ સ્વામી જી ના જીવન પર પ્રકાશ પાડીસ્વામી જી ના જીવન ની અનેક ઘટના ઓ ની વાત કરી હતી.કર્તવ્ય ટીમ ના સ્વયંસેવકો એ સ્વામી જી ની મૂર્તિ ની આસપાસ સુંદર સુશોભન કરીવ્યવસ્થા ગોઠવી હતી.

રકતદાન કરવું એ જન કલ્યાણનું કામ છે એટલે જરકતદાનને બધાજ પ્રકારના દાનમાં શ્રેષ્ઠદાન માનવામાં આવે છે: પરશોતમભાઈ રૂપાલા

'રકતદાન એટલે કોઈને જીવનદાન' ના મંત્રને સાકાર કરી સેવાકાર્ય થકી પુત્ર સ્વ. વિમલ પરમારને શ્રધ્ધાજંલી અર્પણ કરવામાં સહભાગી થનાર તમામ રકતદાતાઓ, ભાજપ અગ્રણીઓ, સમાજશ્રેષ્ઠીઓનો તેમજ મિત્રવર્તૃળનો જાહેર આભાર વ્યકત કરતા રમેશભાઈ પરમાર

રકતદાન એ આપણી નૈતિક અને સામાજિક જવાબદારી પણ છે : આપણે કરેલા રકતદાનથી કોઈ જરૂરીયાતમંદ વ્યકિતનું અમુલ્ય જીવન બચી શકે છે : વજુભાઈ વાળા

૩૦૦થી વધુ બોટલ રકત એકત્ર કરાયું

કમલમ્,

ભારતીય જનતા પાર્ટી–વિધાનસભા–૬૮(પૂર્વ), સમસ્ત કોળી સમાજ,રાજકોટ અને સ્વ. વિમલભાઈ પરમારના મિત્રવર્તૃળ ધ્વારા રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ રમેશભાઈ પરમારના પુત્ર સ્વ. વિમલ રમેશભાઈ પરમારના ૩૩માં જન્મદિન નિમિતેઆર્યનગરકોમ્યુનીટી હોલ, પેડક રોડ ખાતે મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પના અધ્યક્ષસ્થાને કર્ણાટકના પૂર્વરાજયપાલવજુભાઈ વાળા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી અને શહેરના સાંસદ પરષોતમભાઈ રૂપાલાએ આ રકતદાન કેમ્પનો પ્રારંભ કરાવેલ હતો. આ તકે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા,પ્રદેશ યુવા મોરચા પ્રમુખ ડોપ્રશાંત કોરાટ, મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા, પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમ પુજારા, શહેર ભાજપનાહોદેદારો, વોર્ડના કોર્પોરેટરો, વોર્ડ પ્રમુખ, પ્રભારી, મહામંત્રી, પૂર્વ હોદેદારો, સમસ્ત કોળી સમાજના આગેવાનો, સ્વ. વિમલભાઈના જીગરજાન મિત્રો ઉપસ્થિત રહયા હતા. આ મહારકતદાન કેમ્પમાં ૩૦૦ થી વધુ બોટલ રકત એકત્રકરાયું હતું. આ તકે પરશોતમભાઈ રૂપાલાએ જણાવેલ કે, રકતદાનને મહાદાન કહેવામાંઆવે છે. આપણે આપણું રકતદાન કરીને કોઈનું અમૂલ્ય જીવન બચાવી શકીએ છીએ. રકતદાન કરવુંએ જન કલ્યાણનું કામ છે. એટલેજ રકતદાનને બધાજ પ્રકારના દાનમાં શ્રેષ્ઠ દાન માનવામાં આવે છે. આ તકે વજુભાઈવાળાએ જણાવેલકે જીવન ઘડતર માટે શિક્ષણની અનિવાર્યતા છે, એમ જીવનને બચાવવા માટે રકતની જરૂરીયાત છે. આજના આધુનિકવિજ્ઞાન પાસેપણ રકતનો કોઈ વિકલ્પ નથી ત્યારે જરૂરીયાતમંદો માટે વસ્ત્રદાન, અન્નદાનનીસાથેસાથ રકતદાનનો પણ અનેરો મહિમાછે. ઉપરાંત તે આપણી નૈતિક અને સામાજિક જવાબદારીપણ છે. આપણે કરેલા રકતદાનથી કોઈ જ રૂરીયાતમંદ વ્યકિતનું જીવન બચીશકે છે. આ તકે રમેશભાઈ પરમારએ જણાવેલ કે મારા પુત્રસ્વ. વિમલપરમાર ના જન્મદિવસ નિમિતે સતત ત્રીજા વર્ષે મહા રકતદાન કેમ્પનું આયોજન કરી 'રકતદાન એટલે કોઈને જીવનદાન' નામંત્રને સાકાર કરી શ્રધ્ધાજંલી અર્પણ કરવામાં આવેલ ત્યારે આ સેવાકાર્ય થકી સહભાગી થનાર તમામ ભાજપ અગ્રણીઓ, સમાજશ્રેષ્ઠીઓ, રકતદાતાઓનો તેમજ મિત્રવર્તૃળ અને કોળી સમાજના સર્વે શ્રેષ્ઠીશ્રીઓનો જાહેર આભાર વ્યકત કરેલ હતો. આ મહારકતદાન કેમ્પને સફળ બનાવવા પરમાર પરિવાર, વિધાન સભા–૬૮ ભારતીય જનતા પાર્ટી અને રાજકોટ સમસ્ત કોળી સમાજ ,વિમલભાઈના જીગરજાન મિત્રો સહિત મિત્રમંડળએ જહેમતઉઠાવી હતી.

આપત્તિ વ્યવસ્થાપનમાં જિલ્લા વહીવટી તંત્રનો માનવીય અને સંવેદનશીલ અભિગમ

ખેડબ્રહ્માના રતનપુર ખાતે કાચા મકાનની દિવાલ ધસી પડતા મૃત્યુ પામેલા મૃતકના પરિવારજનોને સહાય ચૂકવાઈ

કમલમ્,ઈકબાલ મેમણ

સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા તાલુકાના રતનપુર ખાતે કાચા મકાનની દિવાલ ધસી પડતા બે બાળકો મૃત્યુ પામ્યાનો દુઃખદ બનાવ સર્જાયો હતો. આ બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી વ્યાપીહતી. બંને મૃતકના પરિવાર જનોને તાલુકા પંચાયત પ્રમુખ, ઉપપ્રમુખ, અગ્રણીશ્રીઓની ઉપસ્થિતીમાં સહાય ચૂકવવામાં આવી હતી. આ અંગે ખેડબ્રહ્મા તાલુકા વિકાસ અધિકારીશ્રી મુકેશભાઈ પટેલના જણાવ્યા અનુસાર તારીખ ૨૯/૬ /૨૦૨૫ રાત્રે ૧૧:૩૦ કલાકેરતનપુર ગામે કાચા મકાનની દિવાલ ધસી પડતા પાંચ વર્ષીય દિલીપભાઈ અમરતભાઈ મકવાણા તેમજ સાત વર્ષીય આશાબેન લલિતભાઈ મકવાણા બંને બાળકોનું મૃત્યુ થયું હતું. આ ઘટનાની જાણ થતા જ જિલ્લા કલેકટરશ્રીનાનિર્દેશહેઠળ તાલુકા વિકાસ અધિકારી દ્વારા ઘટના સ્થળની તપાસ કરવામાં આવી હતી.આ સમગ્ર ઘટનાની તપાસ કરી દિવાલ ધરાશયથી થયેલા મૃત્યુના બનાવમાં મૃતકના પરિવારને તાત્કાલિકઆર્થિક સહાય આપવાની કામગીરીહાથ ધરવામાં આવી હતી. રાજય સરકારની આપત્તિ વ્યવસ્થાપન યોજનાહેઠળ રૂ. ૪ લાખ દિઠ બંને બાળકોના પરિવારજનોને તાત્કાલિક આર્થિક સહાય ચૂકવવામાંઆવી હતી. આ દુર્ઘટનામાં બાળકના નિધનથી જિલ્લા વહીવટી તંત્ર તરફથી મૃતકના પરિવારમાં શોકવ્યાપ્ત ભાવનાઓ પ્રગટ કરવામાં આવી હતી. તેમજ તમામ સંબંધિત વિભાગોને ચોમાસા દરમિયાન આવાં બનાવો નિવારવા માટે તકેદારીના પગલાં લેવા તાકીદ કરવામાંઆવી હતી.



કમલમ્,

ભારતીય નૌકાદળે વિશાખાપટ્ટનમના NS ડેગા ખાતે બીજા બેઝિક હોક કન્વર્ઝન કોર્સન ગ્રેજ્યુએશનની ગર્વથી ઉજવણી કરી હતી. ૦૩ જુલાઈ ૨૦૨૫ના રોજ, લેફ્ટનન્ટ અતુલ કુમાર ઢુલ અને સબ લેફ્ટનન્ટ આસ્થા પુનિયાએ રીઅર એડમિરલ જનક બેવલી, ACNS (એર) પાસેથી પ્રતિષ્ઠિત 'વિંગ્સ ઓફ ગોલ્ડ' પ્રાપ્ત કરી. SLT આસ્થા પુનિયા નૌકાદળ ઉડ્ડયનના ફાઇટર સ્ટ્રીમમાં સામેલ થનારી પ્રથમ મહિલા બની - અવરોધો તોડીને નૌકાદળમાં મહિલા ફાઇટર પાઇલટ્સના નવ યુગનો માર્ગ મોકળો કર્યો છે. ભારતીય નૌકાદળે પહેલાથી જ મહિલા અધિકારીઓને રઇ એરક્રાફ્ટ અને હેલિકોપ્ટરમાં પાઇલટ્સ અને નેવલ એર ઓપરેશન્સ ઓફિસર તરીકે સામેલ કરી છે. SLT આસ્થા પુનિયાનો ફાઇટર સ્ટ્રીમમાં સમાવેશ નૌકાદળ ઉડ્ડયનમાં જેન્ડર સમાવેશકતા અને નારી શક્તિને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે, જે સમાનતા અને તકની સંસ્કૃતિને પ્રોત્સાહન આપે છે.

SAIL એ વૈશ્વિક ઉપસ્થિતિને મજૂબત બનાવવા માટે દુબઈમાં રિપ્રેઝેન્ટેટિવ ઓફિસનું ઉદ્ઘાટન કર્યું

કમલમ્,

સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (SAIL), જે ૨૦ મિલિયન ટનથી વધુ વાર્ષિક ક્રૂડ સ્ટીલ ઉત્પાદન ક્ષમતા ધરાવતા ભારતના સૌથી મોટા સ્ટીલ ઉત્પાદકોમાંથી એક છે, જેને દુબઈમાં પોતાના પ્રતિનિધિ કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યું છે. મધ્ય પૂર્વમાં SAILનું પ્રથમ આંતરરાષ્ટ્રીય કાર્યાલય તેની વૈશ્વિક વિસ્તરણ વ્યૂહરચનામાં એક મહત્વપૂર્ણપગલું છે. આ કાર્યાલયનું ઉદ્ઘાટન કેન્દ્રીય સ્ટીલ અને ભારે ઉદ્યોગ મંત્રી શ્રી એચ.ડી. કુમારસ્વામી દ્વારા દુબઈમાં ભારતના કોન્સ્યુલ જનરલ શ્રી સતીશ કુમાર સિવન, SAILના CMD શ્રી અમરેન્દુ પ્રકાશ, NMDCના CMD શ્રી અમિતાવમુખર્જી, સ્ટીલ મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રી વી.કે. ત્રિપાઠી અને SAIL, સ્ટીલ મંત્રાલય, NMDC અને MECONના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં

કરવામાંઆવ્યું હતું.એક વ્યૂહાત્મક કેન્દ્ર તરીકે સ્થાપિત,દુબઈ કાર્યાલય SAILને સ્ટીલનિકાસ વધારવા, ઉદ્યોગ જોડાણોને ગાઢ બનાવવા અને ભારત-UAE વેપારસંબંધોને મજબૂત બનાવવામાં મદદ કરશે. મધ્ય પૂર્વ અને ઉત્તર આફ્રિકા (MENA) ક્ષેત્રના પ્રવેશદ્વાર તરીકે દુબઈની ભૂમિકા અને તેના રોકાણકાર-મૈત્રીપૂર્ણ વાતાવરણ તેને ઉભરતા બજારોમાંવિસ્તરણ માટે એકઆદર્શ આધારબનાવે છે. આ પગલું ભારતના સ્ટીલ ઉદ્યોગની વૈશ્વિક હાજરી વધારવા અને ૨૦૩૦ સુધીમાં ૩૦૦ મિલિયન ટનના રાષ્ટ્રીય સ્ટીલ ઉત્પાદન લક્ષ્યને પ્રાપ્ત કરવાના વિઝન સાથે સુસંગતછે. વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક સ્ટીલ ઉત્પાદક તરીકે SAILની ઉત્ક્રાંતિમાં તે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે અને આંતરરાષ્ટ્રીય સ્ટીલ ક્ષેત્રમાં ભારતની વધતી જતી પ્રોફાઈલને પ્રતિબિંબિત કરે છે.

અમદાવાદમાં સરદાર પટેલ સેવા સમાજ ખાતે તા. ૩, ૪ અને ૫ જુલાઈ, ૨૦૨૫ના રોજ 'સમૃદ્ધ ગુજરાત પ્રદર્શન'નું આયોજન

પ્રદર્શનમાં ખાદી, જૂટ અને વાંસની પ્રોડક્ટ્સ, બાગાયતી ઉત્પાદનો, બાયો પ્રોડક્ટ્સ, પરંપરાગત બીજ બેંક અને વિવિધ ઓર્ગેનીક ધાનમાંથી બનાવેલ વસ્તુઓનું આકર્ષણ

કમલમ્,

અમદાવાદમાંસરદાર પટેલ સેવા સમાજ ખાતે તા. ૩, ૪ અને ૫ જુલાઈ, ૨૦૨૫ના રોજ રાજ્યની તેમજ રાજ્ય બહારની વિવિધ સંસ્થાઓ નીતિઓ, યોજનાઓ અને સ્થાનિક ઉત્પાદનોના 'સમૃદ્ધ ગુજરાત પ્રદર્શન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનના પ્રથમ દિવસે ગુજરાત રાજ્ય જૈવ વિવિધતા બોર્ડ (GBB) દ્વારા કુદરતી સંસાધનોના ઉપયોગથી બનાવેલ બાયો પ્રોડક્ટસ, ખાદી, જૂટ અને વાંસમાંથીબનેલી પેદાશો, બાગાયતી પેદાશો, પરંપરાગત બીજ બેંક વગેરે ચીજવસ્તુઓનો વિશિષ્ટ સ્ટોલ મૂકવામાં આવ્યો હતો. આસ્ટોલમાં વિવિધ સ્થાનિક ઉત્પાદનોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ભરુચ BMC દ્વારાઓર્ગેનિક મલ્ટીમિલેટ્સ(વિવિધ ધાન)માંથી બનાવેલ બિસ્કીટ અને પાપડ, જશોદા BMC દ્વારા બનાવેલ રુચિર વર્ધક કીડાલા જ્યૂસ, પરંપરાગત બીજ બેંક તથા સાણંદ તાલુકાના ખીચા ગામ BMC દ્વારા કુદરતીરીતે તૈયાર કરાયેલ મધની વિવિધ જાતો અને દેશી ડાંગરની વિવિધ જાતોનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. દશકો માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યાહતા. આઉપરાંત, ખાસ આકર્ષણ રૂપે સાણંદ તાલુકાના ખીચા ગામના BMC અધ્યક્ષશ્રી કાશીરામભાઈ વાઘેલા દ્વારા વર્ષ ૨૦૨૨માં હસ્તલિખિત વનસ્પતિઓના શૈક્ષણિક ચાર્ટ રજૂ કરવામાં આવ્યા હતા. શ્રી કાશીરામભાઈએ શાળાના વિદ્યાર્થીઓને ચાર્ટમાં દર્શાવાયેલ વનસ્પતિઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને તેમના પ્રશ્નોનું સંતોષજનક સમાધાન પણ કર્યું હતું. વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા શ્રી કાશીરામભાઈના કાર્યની પ્રશંસા કરવામાં આવી હતી તથા તેઓએ આ શૈક્ષણિક અવસર માટે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રદર્શનમાં ગુજરાત જૈવ વિવિધતા બોર્ડ તરફથી પરીક્ષેત્ર વન અધિકારી(RFO) શ્રીમતી મધુહર્ન ખાંટે, જુનિયર રિસર્ચ ફેલો(JRF) શ્રી હિમાંશુભાઈ બોટીયા,રિસર્ચ એસોસિએટ(RA) શ્રીમતી તૃપ્તિબેન ગોહેલ તથા વિવિધબાયોડાયવર્સિટી મેનેજમેન્ટ કમિટીઓ (BMCs)ના પ્રતિનિધિઓ, શ્રી વિજય સોલંકી, ભરુચ જિલ્લાના BMC અધ્યક્ષ શ્રી નવનીતભાઈ મકવાણા અને જશદણ BMC ના સભ્ય શ્રી અભિભાઈ ધોલરીયા ઉપસ્થિત રહ્યાહતા.

રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષા શ્રીમતી વિજ્યા રહાટકરના અધ્યક્ષસ્થાને અમદાવાદ જિલ્લાનો 'જન સુનવાઈ' કાર્યક્રમ યોજાયો

મહિલા 'જન સુનવાઈ' કાર્યક્રમમાં ફરિયાદી મહિલાઓએ અધ્યક્ષશ્રી સમક્ષ રૂબરૂમાં પોતાની રજૂઆત કરી

કમલમ્,

રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ શ્રીમતી વિજયા રહાટકરના અધ્યક્ષસ્થાને અમદાવાદના શાહીબાગમાં આવેલ સ્ટેટ ગેસ્ટ હાઉસ, એનેક્ષી ખાતે 'જન સુનવાઈ' કાર્યક્રમ યોજાયો હતો. શ્રીમતીવિજયા રહાટકરે આ પ્રસંગે કહ્યું હતું કે, 'રાષ્ટ્રીય મહિલા આયોગ તમારા દ્વારે' સૂત્ર મુજબ રાષ્ટ્રીય મહિલા આયોગસામેથી જ ફરિયાદી મહિલાઓ પાસે જવાનો નિશ્ચય કર્યોહતો.

આ નિશ્ચય બાદ આયોગ દ્વારાદરેક પ્રદેશમાંવિડિઓ કોન્ફરન્સ પ્રમાણે જન સુનવાઈ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શ્રીમતી વિજયા રહાટકરે વિશ્વાસ વ્યક્ત કર્યોહતો કે,અમદાવાદ જિલ્લાની આ જન સુનાવાઈ સૌને ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આયોગના બે તપાસ અધિકારીઓ સહિત સમગ્ર રાષ્ટ્રીય મહિલા આયોગ અમદાવાદ જિલ્લાનું સમગ્ર વહીવટી તંત્ર અને ફરિયાદી મહિલાઓ પણ આ જન સુનાવણીમાં સહભાગી થયું હોવાનો ઉલ્લેખ તેમણે કર્યો હતો. રાષ્ટ્રીય મહિલા આયોગના 'જન સુનવાઈ' કાર્યક્રમમાં કુલ ૪૦ ફરિયાદો મળી હતી જેમાં આયોગને અગાઉથી મળેલી ફરિયાદો ઉપરાંત સ્થળ ઉપર ફરિયાદ કરવામાંઆવી હતી. શ્રીમતી વિજયા રહાટકરે વિશ્વાસ વ્યક્ત કર્યોહતો કે,અમદાવાદ જિલ્લાની આ જન સુનાવાઈ સૌને ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આયોગના બે તપાસ અધિકારીઓ સહિત સમગ્ર રાષ્ટ્રીય મહિલા આયોગને મળેલી ૪૦ ફરિયાદોમાંથી, ૬ ફરિયાદોનો જે mOo થકી નિકાલ કરવામાં આવ્યો હતો. અન્ય ફરિયાદોમાં પારિવારિક સમસ્યાનું સમાધાન લાવ્યા,ગાંધીટ ફાઈલકરવાઅને અમુક ફરિયાદોને રાજ્ય મહિલા આયોગ સમક્ષ રજૂ કરવા માટેનું સૂચન રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષા શ્રીમતી વિજયા રહાટકર તરફથી કરવામાં આવ્યું હતું. આ જન સુનવાઈ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સુજીત કુમાર, અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, એડીજીપી શ્રી અજય ચૌધરી, એએસપી સુશ્રી વાગિશા જોશી, ડીસીપી ઝોન ૧ શ્રી નીરજ બડગુજર સહિત અમદાવાદ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાહતા.

કમલમ્,મોરબી

મોરબીજિલ્લામાંસંપૂર્ણ ઓનલાઈન પ્રક્રિયાથીશાળા પસંદગીકરેલ ૩૩જેટલા નવનીયુક્ત ધોરણ ૧૧ અને ૧૨ ઉચ્ચ માધ્યમિક અને શિક્ષકોનેજિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારાનિમણૂક પત્રઓનાયત કરવામાં આવ્યા હતા. મોરબીજિલ્લામાં ૧૪ ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં કુલ ૮૨ શિક્ષકોનું મંજૂર મહેકમ છે. જેમાંથી ૪૭જગ્યાઓઅગાઉથીભરાયેલી છે. જ્યારે સરકાર દ્વારા ખાલી ૩૫જગ્યાઓની સામે મોરબીજિલ્લાને ૩૪ શિક્ષકોની ફાળવણી કરવામાં આવી હતી. જેમાંથી ૩૩ શિક્ષકો હાજર થતા આ શિક્ષકોને જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા આવકારવામાં આવ્યા હતા અને નિમણૂકપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. નિમણૂક પત્ર એનાયત કરવાના આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી કમલેશ મોતાએ નવનિયુક્ત શિક્ષકોને સતત શીખતા રહેવાની અને અધુરાસને મધુરાશમાં ફેરવી વર્ગ અને શાળાઓને નંદનવન બનાવવાની શીખ આપી હતી. વર્ગ ૨ ના અધિકારીશ્રી ભદ્રસિંહ વાઘેલાશ્રી નિલેશભાઈ રાણીપા અને શ્રી ભરતભાઈ વીડજાએ વિજ્ઞાન પ્રવાહની જેમ સામાન્ય પ્રવાહમાં પણ મોરબીને નંબર ૧ બનાવવાશક્ય તમામપ્રયત્નો કરવાશિક્ષકોને અનુરોધ કર્યો હતો. નવનિયુક્ત શિક્ષકશ્રી દીપ પટેલ અને શ્રી હીનાબેન કાંઝિયાએ આ પ્રસંગે તેમના પ્રતિભાવ આપ્યા હતા.આ કાર્યક્રમનુસમગ્ર સંચાલનએજ્યુકેશન ઈન્સ્પેક્ટર રશ્રીપ્રવીણભાઈ અંબારિયાએ કર્યું હતું.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજના NSS યુનિટ દ્વારા સ્વામી વિવેકાનંદજી ની પુણ્યતિથિ નિમિત્તે વકતૃત્વ સભા યોજાઈ

કમલમ્,

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર ની બીબીએ કોલેજ દ્વારા આજે ૪ જુલાઈ, ૨૦૨૫ના રોજ મહાન યોગી, ચિંતક અને યુવાનોનેજીવન સંદેશપ્રેરક સ્વામી વિવેકાનંદજીની પુણ્ય તિથિ નિમિત્ત શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું.જેમાં સ્વયંસેવકોએ વકતૃત્વ સભામાં ભાગ લીધોહતો. જેમાં ૯ સ્વયં સેવકોઓ એ વકતૃત્વ દ્વારા પોતાના વિચારોરજૂ કર્યાહતા. કુલ ૧૧૮ સ્વયં સેવકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે સંસ્થાના આચાર્યશ્રી ડો.રમેશકાંત પુરી, ઉપાચાર્ય શ્રી, ડો.જયેશ તન્ના તેમજ NSS પ્રોગ્રામ કોઓર્ડિનેટર ધર્મેન્દ્રસિંહ રાઠોડ, અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને સ્વામી વિવેકાનંદના જીવન અને કાર્ય પર વ્યક્તવ્યો આપ્યા અને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. વિશેષમા સ્વામીજીના જીવન ના સંસ્મરણો અને યુવાપેઢી માટેના તેમના સંદેશો પર આધારિત પ્રવચન તથા પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતુ. સ્વામી વિવેકાનંદનું જીવન સંસારમાટે એક જ્વંતપ્રેરણા છે. તેમના વિચારો આજે પણ યુવા પેઢીને નૈતિકતા, દેશભક્તિ અને આત્મવિશ્વાસના માર્ગે પ્રેરિત કરે છે. તેમના "ઉઠો, જાગોઅને ધ્યેય સુધીન પહોચ્યાત્યા સુધી રૂકો નહિ" જેવા સૂત્રવાક્યો આજે પણ માર્ગદર્શન રૂપ છે. આ પ્રસંગે સંસ્થાના વડાએ જણાવ્યું કે, "સ્વામી વિવેકાનંદ માત્ર એક વિદ્વાન સંત નહીં, પરંતુ ભારતના સર્વાંગી વિકાસના ધ્વજવાહક હતા. તેમના વિચારોને આજે યુવા પેઢી સુધી પહોંચાડવી એ જ સાચી શ્રદ્ધાંજલિ છે."

અંતે તમામ ઉપસ્થિતોએ રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સુખાપ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને તેમનાં આદર્શો અનુસાર જીવન જીવવાની પ્રતિજ્ઞા લીધી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો.રમાકાંત પુષ્ટી ના માર્ગદર્શન હેઠળઉપાધ્યાય ડો.જયેશ તન્ના તેમજ યુનિવર્સિટી NSS પ્રોગ્રામ કોઓર્ડિનેટર ધર્મેન્દ્રસિંહ રાઠોડ તેમજ કોલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી દ્વારા ત્રણ નવા કાયદાની થીમ આધારિત યોજાયેલ સ્પર્ધામાં વિજેતાઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક તેમજ જિલ્લા પોલીસ વડાના હસ્તે ઇનામ વિતરણ કરવામાં આવ્યાં

કમલમ્,આહવા

તારીખ ૦૧/૦૭/૨૦૨૪ ના રોજ અમલમાંઆવેલત્રણ નવા ફોજદારી કાયદા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩, ભારતીય નાગરીક સુરક્ષા સહિતા-૨૦૨૩ તેમજ ભારતીય સાક્ષ્ય અધિનિયમ-૨૦૨૩ના વિશે લોકોમાં જાગૃતતા આવે તે હેતુસર ગુજરાત રાજ્યના પોલીસ વડા પોલીસ મહાનિર્દેશકશ્રી, પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત વિભાગ તથા ડાંગ જિલ્લા પોલીસ વડા પોલીસ અધિક્ષક શ્રી યશપાલ જગાણીયાના માર્ગદર્શન હેઠળ ડાંગ જિલ્લા પોલીસ દ્વારાનવા કાયદાના થીમ ઉપર જુદી જુદી ચિત્રો અને ઓડિયો/ વિડિયો કોન્ટેન્ટ ત્રણ સ્પર્ધાનું આયોજન કરવામાંઆવેલ હતું. જેસ્પર્ધામાં ભાગલઈ વિજેતા બનનારા જિલ્લાના એક થી ત્રણ નંબરના વિજેતાઓમાટે આજરોજ જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રીવિજયભાઈ પટેલ, ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યશપાલ જગાણીયા, શ્રી સુનિલ પાટીલ, નાયબ પોલીસ અધિક્ષક શ્રી જે. નલવેયા, શ્રી વિ.કે.ગઢવી વિશેષ ઉપસ્થિત રહી સ્પર્ધામાં ભાગ લઈ વિજેતા બનનારનેપોત્સાહિત કર્યા હતા. નવા ત્રણ કાયદાઓમાં જે સુધારો કરવામાં આવ્યાં છે તે વિશે તમામ સ્પર્ધકોએ પોતાનું કૌશલ્ય પ્રદર્શિતકરી અનોખીરીતે ઓડિયો/ વિડિયો તેમજ ચિત્ર દ્વારા નવા કાયદાઓની જાણકારીરજૂકરીછે. જે માટે સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોની સરાહના કરી ગુજરાત વિધાનસભાનાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલે તમામને અભિનંદન પાઠવ્યાં હતાં. આ સ્પર્ધામાં જિલ્લા માંથી મોટી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગલીધોહતો જે માટે જિલ્લાના નિષ્ણાતોની મુલ્યાકન કમિટીદ્વારા ચિત્ર તેમજ ઓડિયો/વિડિયો કોન્ટેન્ટને થીમ આધારિત વર્ગીકૃત કરી માપદંડ મુજબ સ્પર્ધકો માંથી વિજેતા જાહેર કર્યાહતાંતેમ, જિલ્લાપોલીસ વડા શ્રી યશપાલ જગાણીયાએ જણાવ્યું હતું. સુરક્ષા સેતુ સાંસાય ટી અંતર્ગત ડાંગ જિલ્લા પોલીસ દ્વારા આયોજિત આ સ્પર્ધામાં ઉત્સાહ પુર્વક ભાગ લઈ પોતાની ભાગીદારી નોંધાવનાર તમામ સ્પર્ધકોનો જિલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયાએ શ્રીસુનીલ પાટીલે પોલીસ પરીવાર વતી આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ વિજેતા સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યાં હતાં. સાથે જ આવનાર સમયમા વિવિધ સ્પર્ધાઓયોજના અંગેજણાવ્યું હતું.

ગુજરાતનું સહકારી મૉડલ બન્યું મહિલા સશક્તિકરણનું શ્રેષ્ઠ ઉદાહરણ, મહિલા દૂધ મંડળીઓમાં ૨૧%નો વધારો, આવક ૯૦૦૦ કરોડને પાર

- **૩૬ લાખ દૂધ ઉત્પાદક સભ્યોમાંથી લગભગ ૧૨ લાખ એટલે કે ૩૨% મહિલા સભ્યો**
- **૨૦૨૫માં વિવિધ મિલ્ક યુનિયન બોર્ડમાં ૮૨ ડિરેક્ટર્સ તરીકે ૨૫% મહિલા સભ્યો**
- **મહિલા સંચાલિત દૂધ મંડળીઓનો દૂધ સંગ્રહ ૩૯% વધીને ૫૭ લાખ લિટર પ્રતિ દિવસ સુધી પહોંચ્યો**
- **મહિલા દૂધ મંડળીઓની વાર્ષિક આવકમાં ૪૩%નો નોંધપાત્ર વધારો, આવક ૯,૦૦૦ કરોડને પાર**

કમલમ્,ગાંધીનગર,

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ હંમેશા એ વાત પર ભાર મૂક્યો છે કે, મહિલાઓને આર્થિક અને સામાજિક રીતે આત્મનિર્ભર બનાવીને જ ભારતને સંપૂર્ણ આત્મનિર્ભર બનાવી શકાય છે. ગ્રામીણ અર્થતંત્રમાંમહિલા નેતૃત્વને સશક્ત બનાવવા માટે તેમણે સહકારી મોડલનેપ્રાથમિકતા આપી છે. આ વિઝનને સુદ્રઢ બનાવતાં કેન્દ્રીય ગૃહ અને સહકારીમંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતે સહકારી ક્ષેત્રના માધ્યમથી ખરા અર્થમાં મહિલા સશક્તિકરણ કર્યું છે. આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ નિમિત્તે ગુજરાત સરકારે જાહેર કરેલા આંકડાઅનુસાર, છેલ્લાં ૫ વર્ષમાં (૨૦૨૦થી ૨૦૨૫ સુધી) મહિલાઓની આગેવાની હેઠળની દૂધસહકારીમંડળીઓ૨% વધીને ૩,૭૬૪થી ૪,૫૯૨ થઈ ગઈ છે. આ દર્શાવેછે કે રાજ્યમાં સહકારી સંસ્થાઓમાં મહિલાઓની ભાગીદારીમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે.

મિલ્ક યુનિયનમાં ૨૫% મહિલા બોર્ડ સભ્યો અને લગભગ ૧૨ લાખ ઉત્પાદક મહિલા સભ્યો

ગુજરાતના સહકારી વિભાગદ્વારા રજૂ કરવામાં આવેલા આંકડાઅનુસાર, મિલ્ક યુનિયનમાં પણ મહિલાઓની આગેવાનીમાં વધારો થયો છે. વર્ષ ૨૦૨૫માં મિલ્ક યુનિયનના બોર્ડમાં ૮૨ ડિરેક્ટર્સ તરીકે ૨૫% મહિલા સભ્યો છે, જે મિલ્ક યુનિયનની નીતિ ઘડવામાં તેમની સક્રિય ભાગીદારી દર્શાવે છે. ગુજરાતની દૂધ સહકારી મંડળીઓમાં પણ મહિલાસભ્યોની સંખ્યા સતત વધી રહીછે. ગુજરાતમાં લગભગ ૩૬ લાખ દૂધ ઉત્પાદક સભ્યોમાંથી લગભગ ૧૨ લાખ એટલે કે ૩૨% દૂધઉત્પાદક સભ્યોમહિલાઓ છે. એટલું જ નહીં, આજ સમયગાળા દરમ્યાન ગ્રામીણસ્તરની સહકારી મંડળીઓની મેનેજમેન્ટ સમિતિઓમાં પણ મહિલાઓની ભાગીદારી ૧૪% વધી છે. આ મેનેજમેન્ટ સમિતિઓમાં મહિલાઓની સંખ્યા ૭૦,૨૦૦થી વધીને ૮૦,૦૦૦થઈ ગઈછે. આ મહિલાઓ હવે ગ્રામીણ સ્તરની સહકારી મંડળીઓમાં નીતિ નિર્માણ, સંચાલન અને ઠખરેખ જેવી મહત્વપૂર્ણ જવાબદારીઓ સંભાળીરહીછે.

મહિલા સંચાલિત દૂધ મંડળીઓનો દૂધ સંગ્રહ ૩૯% વધીને ૫૭ લાખ LPD સુધી પહોંચ્યો

આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ નિમિત્તે ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (GCMMF) દ્વારા રજૂ કરાયેલા ડેટાઅનુસાર, ગુજરાતમાં મહિલા સંચાલિત દૂધ સહકારી મંડળીઓ દ્વારામિલ્ક પ્રોક્યોરમેન્ટ (ખરીદી) ૨૦૨૦માં ૪૧ લાખ લિટર પ્રતિ દિવસ (LPD)થી ૩૯% વધીને ૨૦૨૫માં ૫૭ લાખ લિટર પ્રતિ દિવસ થઈ ગયું છે, જે હાલમાં રાજ્ય ના કુલ મિલ્ક પ્રોક્યોરમેન્ટના લગભગ ૨૯% છે.

મહિલા દૂધ મંડળીઓની વાર્ષિક આવકમાં ૪૩%નો નોંધપાત્ર વધારો, આવક ૯,૦૦૦ કરોડને પાર

ગુજરાતમાં મહિલા સંચાલિત દૂધ મંડળીઓ આજે સામાજિક પરિવર્તનનું પ્રતીક બની છે, સાથે આર્થિક રીતે પણ મહત્વપૂર્ણ યોગદાન આપીરહીછે. વર્ષ ૨૦૨૦માં આ મંડળીઓની આંદાજિત વાર્ષિક આવક ૬,૩૧૦ કરોડ હતી. છેલ્લા પાંચ વર્ષમાં આ આંકડો વધીને ૨૦૨૫માં ૨૫ કરોડ પ્રતિ દિવસ થયો છે, જેના કારણે વાર્ષિક આંદાજિત આવક૯,૦૦૦કરોડને પાર થઈ ગઈ છે. એટલે કે, આ સમય ગાળા દરમ્યાન મહિલા સંચાલિત મંડળીઓની આવકમાં ૩,૭૦૦ કરોડનો વધારો થયો છે. જે ૪૩%ની નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવે છે. આ સફળતા મહિલા સશક્તિકરણના સહકારી મોડલની મજબૂતીનોપુરાવો છે.

સુરેન્દ્રનગર જિલ્લામાંમુળી તાલુકાનાંસડલાગામેપ્રાકૃતિક કૃષિ ક્રાર્યક્રમની મુલાકાત લેતાં જિલ્લા વિકાસઅધિકારી શ્રીકે.એસ.યાજ્ઞિક

જિલ્લા વિકાસ અધિકારીશ્રીનાં હસ્તે ઉત્તમ ગુણવત્તાવાળા "દસપર્ણી અર્ક"નું ખેડૂતોને વિતરણ કરાયું

કમલમ્,સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લામાંમુળી તાલુકાનાં સડલા ગામે આશરે ૧૫૦ વીઘા જમીનમાં ખારેકની પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂત શ્રી હરિકૃષ્ણભાઈ પટેલના ફાર્મની જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે.એસ.યાજ્ઞિકે મુલાકાત લીધી હતી. આપ્રસંગેઉપસ્થિત તાલુકાના ખેડૂતોને સંબોધતા જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે. એસ.યાજ્ઞિકે જણાવ્યું હતું કે, રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારાપ્રાકૃતિકકૃષિને ખૂબ જ મહત્વ આપવામાં આવી રહ્યું છે. પ્રાકૃતિક કૃષિ અપનાવવાથી ખેડૂતોની જમીનની ફળદ્રુપતાવધશે, ઉપજમાં વૃદ્ધિ થશે, અને ખેડૂત પરિવારો રોગોથી દૂર રહી સ્વસ્થ જીવન જીવી શકશે. તેમજ અન્યને પણ નીરોગી બનાવી શકશે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ખેડૂતોને આોછામાં ઓછી એક એકર જમીનમાં પ્રાકૃતિક ખેતીની શરૂઆતકરવા અનુરોધકર્યોહતો. પ્રાકૃતિકખેતી એઆજના સમયની માંગ છે. પ્રાકૃતિક ખેતી થકી ખેડૂત પરિવાર સાથે અન્ય પરિવારોને પણ સાત્વિક ભોજન મળશે, પ્રદૂષણ, પાણીમને પૃથ્વીનું પ્રદૂષણ અટકશે. સમસ્ત જીવસૃષ્ટિનું કલ્યાણ થશે. આથી તમામ કૃષકો વહેલીતકે આ કલ્યાણકારી પદ્ધતિ અપનાવે તે હિતાવહ છે.આ તકે જિલ્લા વિકાસ અધિકારીશ્રીનાં હસ્તે આત્મા પ્રોજેક્ટ, સુરેન્દ્રનગર દ્વારા અમદાવાદના "ગ્રીન કમાન્ડો" ગ્રુપ દ્વારાતૈયાર કરવામાંઆવેલો ઉત્તમ ગુણવત્તાવાળો "દસપર્ણી અર્ક"નું ખેડૂતોને વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો ખાસ કરીને શાકભાજી પકવતા ખેડૂતોને ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો, તેઓએ વિશ્વાસ વ્યક્ત કરતાં કહ્યું કે, જો જિલ્લામાંથી જંતુનાશક દવાઓનો ઉપયોગ બંધ થશે, તો સુરેન્દ્રનગર કૃષિ ક્ષેત્રે ઝેરમુક્ત બનશે અને તેનો જશ સૌ ખેડૂતોને મળશે. આ પ્રસંગે પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી ભરતપટેલે જણાવ્યું કે, ગુજરાત સરકાર દ્વારા "કૃષિ કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ" હેઠળ જિલ્લા કક્ષાએ ત્રણ દિવસીય સંસ્થાકીય તાલીમનું આયોજન કરવામાં આવે છે. તેમણે ખેડૂતોને આવી તાલીમમાં ભાગ લેવા અને અને કવિધ કૃષિ સંલગ્ન વિષયોની જાણકારી મેળવી પોતાની ખેતીને વધુ નફાકારક બનાવવા માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.